## ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
henry.shastri@bombaysamachar.com




# પાંચઃ ભાષામાં પણ પાંચમાં પુછાય છે



ગણિતની નજરે પાંચ એટલે ચાર પછી આવતી એક સંખ્યા છે, પણ ભાષામાં એના અલગ જ ઠાઠ છે. જાતજાતના અને ભાતભાતના અર્થ પાંચને અનુલક્ષીને જોવા મળે છે. પાંચનો બહુમુખી ઉપયોગ અને એનો પ્રભાવ જોયા પછી તમે જરૂર કહેશો કે આ પાંચ ભાષામાં પણ પાંચમા પૂછાય છે. આપણી સંસ્કૃતિમાં પ્રભુ સ્મરણ સાથે શરૂઆત કરવાનો રિવાજ છે એટલે પહેલા વાત કરીએ **પાંચ ત્યાં પરમેશ્વરની.** મતલબ કે ઘણા લોકો કહે તે સાચું. આ કહેવત **પંચ બોલે તે પરમેશ્વર** તરીકે પણ જાણીતી છે. **પાંચ માણસમાં પૂછાય** તેવું એટલે સલાહ લેવા લાયક વ્યક્તિ. **પાંચ લોકમાં** એટલે સારા માણસોમાં, બધે. એના પરથી **પાંચ લોકમાં પૂજાવું** એટલે જાહેરમાં માનપાન મળવું. હવે પાંચને કારણે સર્જાતા સાવ વિપરીત અર્થ જોઈએ. એ વાંચી 'પાંચમા પૂછાવામાં મજા નથી' એમ તમે કહેશો. **પાંચશેરી** એટલે પાંચ શેર વજન (રૂપિયાભારનું એક વજન અને એટલું માપ, આજના પાંચસો ગ્રામથી થોડું ઓછું)નું કાટલું. એના પરથી **અંધારે પાંચશેરી કૂટવી** એટલે વગર સમજ્યે ખોટી માથાકૂટ કરવી. **કોથળામાં પાંચશેરી** એટલે ઉપરથી ન જણાય પણ અંદરથી અસર કરે તેવી બાબત. જોઈ ન શકાય તેવો ગુપ્ત પ્રહાર. **પાંચ પાંચ શેરની ઝીંકવી** એટલે બહુ ભૂંડી ગાળો દેવી. **તીન પાંચ કરવું** એટલે વાતચીતમાં મિજાજ કરવો.

**પાંચ પાપઃ** ચૂલો, ઘંટી, સાવરણી, ખાંડણિયો અને પાણિયારું એ પાંચ સાધનમાં જાણે અજાણે જીવાત મરતી હોવાથી તે પાંચ પાપ ગણાય છે. **અમ્લ પંચક** એટલે ખાવાની પાંચ ખાટી વસ્તુ જેમાં બોર, દાડમ, કોકમ, ચૂકો અને અમ્લવેતસનો સમાવેશ હોય છે. ચૂકો એટલે એક જાતની વનસ્પતિ. તેની ખાટી ભાજી થાય છે. અમ્લવેતસ પણ ભાજીનો જ એક પ્રકાર છે. **ક્ષાર પંચક** એટલે ખાખરાનો, કમળનો, જવનો, તલસરાંનો ક્ષાર અને સાજીખાર. તલસરાં એટલે તલ ખંખેરી લીધેલા છોડવા. સાજીખાર એટલે સોડા બાય કાર્બ જે રસોઈમાં વપરાય છે. **દેવ પંચક** એટલે ગણપતિ, ગૌરી, ભાનુ, હરિ અને હર એમ પાંચ દેવનો સમૂહ. **મિત્ર પંચક** એટલે ઘી, મધ, ગૂગળ, ચણોઠી અને ટંકણખાર. ગૂગળ એટલે બાળતાં સુગંધ આપનારો એક જાતનો ગુંદર. ટંકણખાર એક જાતનો ક્ષાર છે. આ પાંચેય વસ્તુ શરીરનો સાથ આપનારી હોવાથી મિત્ર પંચક તરીકે ઓળખાય છે. **લવણ પંચક** એટલે સિંધાલૂણ, સંચળ, બિડલવણ, વરાગડું અને દરિયાનું મીઠું. બિડલવણ એટલે એક જાતનું બનાવટી મીઠું. લવણની સાથે પ્રસારણીના કલ્કનો સંજોગ કરી તેને અગ્નિ આપવાથી બિડલવણ તૈયાર થાય છે. પ્રસારણી એટલે એક જાતની લતા અને કલ્ક એટલે એ લતાના ફૂલ. વડાગરું એટલે એક પ્રકારનું મીઠું. **સુગંધી પંચક** એટલે કેસર, અગર, કપૂર, કસ્તૂરી અને ચંદન. અગર એટલે ભૂટાન, આસામ, બંગલાદેશ વગેરે સ્થળે થતું સુગંધી લાકડાવાળું વૃક્ષ.

## ENગ્લિશ વિંGLISH — IDIOMS WITH NUMBERS

સંખ્યાબળનું જોર અંગ્રેજી ભાષામાં પણ જોવા મળે છે. અલબત્ત ક્યારેક શબ્દાર્થથી જ વાત સ્પષ્ટ થઈ જાય છે તો ક્યારેક ભાવાર્થનું મહત્ત્વ દેખાય છે. ALL IN ONE PIECE પ્રયોગનો શબ્દાર્થ આખેઆખું કે ભાંગ્યા તૂટ્યા વિના એવો થાય. અલબત્ત એનો ભાવાર્થ સલામત કે હેમખેમ થાય જે અહીં અભિપ્રેત છે. Thankfully the parcel containing glass items reached home all in one piece. ઘરે પહોંચેલા પાર્સલમાં કાચની વસ્તુઓ સદનસીબે હેમખેમ હતી. બીજું ઉદાહરણ છે TWO TO A TANGO. કેટલીક પ્રવૃત્તિ એકલપંડે ન થાય, જેમ કે પ્રેમ કરવો, ઝઘડો કરવો અને ટેન્ગો ડાન્સ કરવો. ૧૯૨૦ના દાયકામાં લેટિન અમેરિકન ટેન્ગો ડાન્સને લોકપ્રિયતા મળી હતી. આ ડાન્સ જોડીદાર સાથે જ થઈ શકે. એના પરથી આ રૂઢિપ્રયોગ બન્યો. આને સમકક્ષ ગુજરાતી કહેવત છે એક હાથે તાળી ન પડે. મતલબ કે બંને પક્ષ જવાબદાર છે. Your son blames mine for the fight in the school, but it generally takes two to a tango. શાળામાં થયેલી લડાઈ માટે તમારો દીકરો મારા પુત્રને દોષ દે છે, પણ સાહેબ, એક હાથે કદી તાળી ન પડે. AT SIXES AND SEVENS રૂઢિપ્રયોગમાં મૂંઝવણની, અસ્વસ્થતાની વાત છે. After the whole schedule is rearranged I am at sixes and sevens. સમગ્ર કાર્યક્રમ બદલાઈ ગયો હોવાથી હું મૂંઝાઈ ગયો છું. ખબર નથી પડતી કે શું કરવું? HAVE ONE OVER EIGHT પ્રયોગ પાર્ટી - શાર્ટીના શોખીનોને ધ્યાનમાં રાખીને અસ્તિત્વમાં આવ્યો હોવો જોઈએ. પીનેવાલોં કો પીને કા બહાના ચાહિયે પણ પછી કંટ્રોલ ન રહે તો શું કામનું? From the way he was walking, it was clear that he had one over eight. ભાઈ સાહેબ જે રીતે ચાલી રહ્યા હતા એના પરથી સ્પષ્ટ દેખાઈ આવતું હતું કે એમનાથી જરા વધુ લેવાઈ ગયું હતું. ON CLOUD NINE એટલે અત્યંત આનંદ થવો, રાજીના રેડ થઈ જવું. When daddy bought a new smartphone I was on cloud nine. પિતાશ્રીએ નવો સ્માર્ટફોન ખરીદી આપ્યો એટલે હું તો રાજીનો રેડ થઈ ગયો. આટલું વાંચી તમને સાતમા આસમાને પહોંચી ગયો એ રૂઢિપ્રયોગ જરૂર યાદ આવ્યો હશે. એનો પણ એ જ ભાવાર્થ છે. અંગ્રેજીમાં પણ BE IN SEVENTH HEAVEN પ્રયોગ છે જ ને. ■



## સગ્ગી बहिण — क्रमांकावर आधारित म्हणी

મરાઠીમાં પણ કહેવતો અને રૂઢિપ્રયોગોમાં આંકડાની હાજરીની લાક્ષણિકતા જાણવા જેવી છે. શરૂઆત શૂન્યથી કરીએ. **शून्यातून विश्व उभे रणे** આ પ્રયોગ સમજવામાં મુશ્કેલી નહીં પડે. પાસે કંઈ ન હોય અને મોટું સામ્રાજ્ય ઊભું કરી દેવાય ત્યારે આ પ્રયોગનો ઉપયોગ થાય છે. શૂન્યમાંથી સૃષ્ટિનું સર્જન માતૃભાષામાં કહેવાય જ છે ને. બીજો પ્રયોગ છે **शून्यात नजर लावून बसणे**. આ એક માનસિક અવસ્થા છે. ક્યારેક શૂન્યમનસ્ક થઈ જાય એવું બને. મગજમાં કોઈ વિચાર ન આવે અને તાકીને બેઠા હોય એવું લાગે. હવે એક મજેદાર પ્રયોગ જાણીએ. **अर्ध्या हळकुंडाने पिवळे होणे**. અડધી હળદરથી પીળા થઈ જવું. હળકુંડ એટલે હળદરનો ગાંઠિયો જેને ખાંડીને કે દળીને મસાલાની હળદર તૈયાર થાય. થોડી એવી સફળતા મળી હોય ત્યાં જ ફૂલીને ફાળકો થઈ જતા લોકો માટે આ પ્રયોગ વપરાય છે.

**काही माणसे आपल्या जराशा यशाने सुद्धा अर्ध्या हळकुंडाने पिवळे झाल्यासारखे वागतात** વાક્યમાં એ અર્થ સ્પષ્ટ થાય છે. હવે એક એવા રૂઢિપ્રયોગની વાત છે જેનો કટાક્ષયુક્ત ઉપયોગ કવિતામાં થયો અને એ વધુ પ્રચલિત બન્યો. વિંદા કરંદીકર નામના મરાઠી ભાષાના ઉચ્ચ કોટિના કવિએ વર્ષો પહેલા **सब घोडे बारा टक्के** શીર્ષક હેઠળ એક વ્યંગાત્મક કવિતા લખી હતી. **कोणी लट्ठ, कोणी मट्ठ, कोणी ढिले कोणी घट्ट। कोणी कच्चे, कोणी पक्के, सब घोडे बारा टक्के।।** અનેક ઘોડાનો એક જ માલિક હોય ત્યારે બધા ઘોડા એક સરખી પણ ઓછી કિંમતના હોય છે. ઘોડાની જગ્યાએ કર્મચારી અથવા કાર્યકર્તા અને માલિકને બદલે

કોર્પોરેટ કંપની કે રાજકીય પક્ષ મૂકો ત્યારે પણ આ પ્રયોગ લાગુ પડે. કવિતાનું આ સામર્થ્ય છે.

## राष्ट्र भाषा — मुहावरों में नंबर

અન્ય ભાષાઓની જેમ હિન્દીમાં પણ કેટલીક સંખ્યાનો ઉપયોગ બોલચાલની ભાષામાં નજરે પડે છે. કેટલાક રૂઢિપ્રયોગ સંખ્યાથી બન્યા છે. હિન્દી ફિલ્મના ગીતોમાં અને ટાઈટલમાં સુદ્ધાં એની હાજરી જોવા મળે છે. સૌથી પ્રચલિત પ્રયોગ છે **चारसौबीसी**. ભારતીય દંડ સંહિતા અનુસાર કલમ ૪૨૦ હેઠળ દગાબાજી કે બેઈમાની કરવા માટે સજા ફટકારવામાં આવે છે. એટલે છેતરપિંડી કરવાવાળાને ચારસો વીસ - ૪૨૦ કહેવામાં આવે છે. રાજ કપૂરે શ્રી ૪૨૦ નામની ફિલ્મ બનાવી હતી એ જાણતા હશો. **૧ - ૨ - ૧૧ होना** રૂઢિપ્રયોગનો અર્થ છે પલાયન થઈ જવું કે પરિસ્થિતિનો સામનો ટાળવા દૂર થઈ જવું. દેવ આનંદની નૌ દો ગ્યારહ નામની ફિલ્મ પણ આવી હતી. નાના પાટેકર અને જોન અબ્રાહમની પણ ટેક્સી નંબર ૯ ૨ ૧૧ નામની ફિલ્મ આવેલી. બીજી એક મજેદાર વાત એ છે કે ૯ + ૨ = ૧૧ થાય. આપણા પગ ૧૧ નંબર જેવા દેખાતા હોય છે. એટલે આ સંખ્યા દોડવા - ભાગવા સાથે જોડાઈ ગઈ છે. હળવી શૈલીમાં ઘણા લોકો કહેતા હોય છે કે '૧૧ નંબરની બસમાં આવ્યા'. મતલબ કે ચાલતા આવ્યા. **३६ का आंकडा** હિન્દી શબ્દકોશ અનુસાર ३ અને ६ સંખ્યા સાથે હોય ત્યારે એકબીજા સામે પીઠ ફેરવી બેઠા હોય એવા લાગે છે. એના પરથી કોઈ પ્રત્યે ખૂબ નફરત હોવી એ આ રૂઢિપ્રયોગનો અર્થ છે. તો શું કોઈ બે વ્યક્તિ વચ્ચે અત્યંત મનમેળ હોય તો **६३ का आंकडा** કહી શકાય? કારણ કે અહીં ૬ અને ૩ એકબીજાની સન્મુખ છે.

## ઈતિહાસ પાછળનો ઈતિહાસ

પ્રફુલ શાહ
praful.shah@bombaysamachar.com



# શહીદ અનંત લક્ષ્મણ કન્હેરે-૩

અનંત લક્ષ્મણ કન્હેરે અને સાથીઓનાં મનમાં ફફડાટ હતો કે આર્થર મેસન ટ્રિપ્ટ્સ જેક્સન ઉર્ફે મેજિસ્ટ્રેટ પંડિત જેક્સન નામનું પંખી નાશિક છોડીને મુંબઈ ઊડી જશે, પરંતુ નિયતિના ગર્ભમાં રહેલી તક સામે આવીને ઊભી રહી ગઈ.

એક તો ઉચ્ચ અંગ્રેજ અફસર અને પાછો બઢતી મેળવીને મુંબઈના કમિશનર તરીકે જવાનો હતો. આવા મોટા માણસ સાથેના સંબંધ ક્યારેકને ક્યારેક કામ આવે જ. આવી વિચારસરણીવાળા વ્યવહારું માણસોએ નક્કી કર્યું કે સરને યાદગાર વિદાય આપીએ. જેક્સન માટે ભવ્ય વિદાય સમારંભ ગોઠવાયો. સ્થળ વિજયાનંદ થિયેટર અને તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૦૯.

આ જાણીને ક્રાંતિકારીઓ એકદમ ગેલમાં આવી ગયા અને સક્રિય થઈ ગયા. અનંતે પોતાના ફુલપ્રૂફ પ્લાન મુજબ સાથીઓ સમક્ષ જાહેરાત કરી કે હું ગોળી છોડીને જેક્સનને મારી નાખીશ અને જીવતા પકડાઈને કોઈના નામ બહાર ન આવે એટલે સાથે રાખેલું ઝેર ખાઈ જઈશ. કદાચ હું જેક્સનને મારવામાં નિષ્ફળ જાઉં તો બીજો હુમલો વિનાયકજી કરશે. સંજોગવશાત્ તેમને ય સફળતા ન મળી તો અન્ના કર્વે પાસે ય રિવૉલ્વર હશે જ. આ ત્રણેત્રણ ગોળીબારમાંથી જેક્સન જીવતો બચે એવી લેશમાત્ર સંભાવના કોઈને ન દેખાઈ. સૌને એક જ રંજ, ખચકાટ આને વેદના કે આ મિશનમાં અનંતનો જીવ પણ હોમાઈ જશે.

જેક્સનના વિદાય સમારંભમાં સંગીત શારદા નામના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. એનકેન પ્રકારે અનંતે બરાબર મંચની સામેની પહેલી હરોળમાં જ બેઠક મેળવી લીધી હતી. એમના હૃદયના ધબકારા વધવા માંડ્યા. ક્યારેક જેક્સન આવે, પોતાને મોકો મળે અને મિશન પૂરું કરે. ગજવામાં રાખેલી રિવૉલ્વર પર હળવે હળવે હાથ ફરી રહ્યો હતો. ચકળવકળ નજરે આસપાસ જોવાનું ચાલું હતું. અંતિમ પળે કોઈ વિઘ્ન ન આવે કે કોઈને શંકા ન જાય એની સવિશેષ સાવધાની રાખવી જરૂરી હતી. અને એ ઘડી આવી પહોંચી. જેક્સને મંચ પર પગ મૂક્યો સૌએ તાળીઓથી વધાવી લીધા અંગ્રેજ આકાને હવે ધીરજ ધરવાનું મુશ્કેલ બની ગયું. અનંત કુદકા સાથે ઉછળીને જેક્સનની સામે પહોંચી ગયા. કોઈ કંઈ સમજે, વિચારે કે પગલાં ભરે એ અગાઉ અનંતે રિવૉલ્વર કાઢીને જેક્સનની છાતીમાં ગોળી ધરબી દીધી.

આ પહેલી અને એકમાત્ર ગોળીથી જ જેક્સન પતી ગયો હોત. પણ તેણે અને અંગ્રેજોએ કરેલા અન્યાય-અત્યાચારનો મનમાં ભભૂકતા જવાળામુખી શાંત ન થયો. અનંતે પહેલા બાદ બીજી, ત્રીજી અને ચોથી ગોળી ય જેક્સન પર છોડી. આમાં ઝેર ખાવાનું ચૂકી જવાયું. પોલીસને સક્રિય થવા માટે સમય મળી ગયો. અંગ્રેજ પોલીસો અનંત તરફ કૂદયાં અને ઝડપવા સક્રિય થઈ ગયા. બધા મળીને અનંતને લાઠીઓથી ઝૂડવા માંડ્યા. એમને ઝેર ખાવાનો મોકો ન મળ્યો અને જીવતા પકડાવાની નોબત આવી ગઈ.

આવી દેશભક્તિ મુક્ત આવેશથી ક્રાંતિકારીઓની તકલીફ વધી ગઈ. અનંત લક્ષ્મણ કન્હેરે ઉપરાંત સાથીઓ પણ પકડાઈ ગયા. પોલીસે આ મર્ડર કેસમાં કુલ ૩૯ આરોપીઓની ધરપકડ કરી. એ વખતે લંડનમાં રહેતા વિનાયક દામોદર સાવરકરને પણ આ કેસના માસ્ટર માઈન્ડ તરીકે આરોપી બનાવાયા.

અનંત અને સાથીઓ સામે કેસ નાશિકને બદલે મુંબઈની કોર્ટમાં ચલાવાયો બ્રિટિશ સત્તાધીશોએ ખાસ તકેદારી રાખી કે આ ખટલાના સમાચાર પ્રગટ ન થાય. સમાચાર દાવાનળની જેમ પ્રસરે તો ઉગ્ર જનઆંદોલનનો ફફડાટ રહેતો હતો. કોઈ મોટા નેતા કે જાણીતા વકીલ આ ક્રાંતિકારીઓના ટેકામાં આગળ ન આવ્યા.

ખટલો એક નાટક હતો, દેખાડો હતો. ચુકાદો સ્પષ્ટ હતો. માત્ર આઠ આરોપીઓને છોડી મૂકાયા, ને બાકીના સૌને સજા થઈ. ૧૯૧૦ની ૧૯મી એપ્રિલે થાણેની જેલમાં ૧૮ વર્ષના અનંત કન્હેરે સહિત ત્રણને ફાંસીને માંચડે લટકાવી દેવાયા. આ શહીદોના પાર્થિવ દેહ સુદ્ધાં કુટુંબીજનોને ન અપાયા. ખુદ જેલ અધિકારીઓએ જ અગ્નિદાહ આપી દીધા. ત્યારબાદ અસ્થિ પણ સોંપવાનો વિવેક બતાવવાને બદલે એને થાણે નજીકના સમુદ્રમાં વહાવી દીધી. અંગ્રેજોનો મનમાંથી ડર હતો કે પાર્થિવ દેહ કે અસ્થિ સોંપવાથી ઉશ્કેરાટમાં પ્રજા એકદમ વિદ્રોહ પર ઉતરી આવે તો? અંગ્રેજ હાકેમોએ વીર સાવરકરની બધી સંપત્તિ જપ્ત કરીને એમને કાળા પાણીની સજા ફરમાવી દીધી.

આજે મહારાષ્ટ્રના અમુક, બહુ જ ઝુઝ, વિસ્તારોમાં કોઈક અનંત લક્ષ્મણ કન્હેરેની શહાદત થશે જાણે છે. હા, ૨૦૧૪માં મરાઠી ફિલ્મ '૧૯૦૯' બની. અભય કાંબલી નિર્મિત, દિગ્દિર્શીત અને લિખિત તથા અક્ષમ શિમ્પીને શહીદ અનંતનામ રોલમાં ચમકાવતી આ ફિલ્મનો પ્રિમિયર નાશિકના એ જ વિજયાનંદ થિયેટરમાં યોજાયો હતો કે જ્યાં અનંત કન્હેરેએ જેક્સનનો વધ કર્યો અને શહાદત ભણી આગેકૂચ કરી. જેક્સનના વધના બરાબર ૧૦૪ વર્ષ એ જ દિવસે આ ફિલ્મ રિલિઝ થઈ.

શહીદ અનંત લક્ષ્મણ કન્હેરેને સો સો સલામ.

(સંપૂર્ણ)■




પ્રકરણ ૨૫

પ્રવીણ પીઠડિયા

રેક નજીક પહોંચીને સાવધાનીથી મેં રેક ઉપરની ધૂળ ઝાપટી હતી. ઘણું ધ્યાન રાખવાં છતાં ધૂળ આખા કમરામાં ઊડી હતી. મારા નાક અને ગળામાં એ ઝીણી રજ ઘૂસી અને એકાએક જ મને ખાંસી ઉપડી. મીણબત્તીને એક જગ્યાએ ખોસીને ખાંસતાં ખાંસતાં જ રેક ઉપરથી એક પુસ્તક ઉઠાવીને હું કમરાની વચ્ચે આવ્યો. માનસા મારી પાછળ આવી હતી. તેની હાલત પણ કંઈ સારી નહોતી. ખાંસીથી તેનો ચહેરો લાલઘૂમ બની ગયો હતો અને આંખોમાં પાણી ઊભરી આવ્યું હતું.

''શું છે એ?'' તેણે પૂંછયું. મેં તેની તરફ પૂસ્તક લંબાવ્યું. એક હાથમાં મીણબત્તી સંભાળતા બીજા હાથે પુસ્તક લઈને બન્ને બાજુંં ઊલટાવીને તેણે પુસ્તકને બરાબર નીરખ્યું. તેનાં ચહેરા ઉપર વિસ્મય ઊભર્યું. મને લાગ્યું કે તેને એ પુસ્તક શેનું છે એ સમજાયું નહોતું. ''શું છે એમાં?'' ખોલ્યાં વગર જ એ પુસ્તક મને પરત આપતાં તેણે પૂંછયું. કદાચ તેને આવી બાબતોમાં રસ નહીં હોય.

''એ તો પુસ્તકમાં શું લખ્યું છે એ વાંચીએ તો ખબર પડે. બાકી અત્યારે તું જેટલું જાણે છે એટલું જ હું જાણું છું.'' હું બોલ્યો હતો અને પછી ધ્યાનથી પુસ્તકને જોવા લાગ્યો.

પુસ્તક સાવ જર્જરિત અવસ્થામાં હતું. તેનું ઉપરનું જાડું કવર સમયની થપાટો ઝીણીને કાળું પડી ગયું હતું અને લગભગ સડવાની હાલતમાં હતું. પુસ્તકની અંદરનાં પાનાં પણ કંઈ ખાસ વખાણવા લાયક અવસ્થામાં નહોતા. પાનાનાં કાગળ ખવાઈ ચૂક્યાં હોય એવું સ્પષ્ટ માલૂમ પડતું હતું. અત્યંત ધીરેથી સાવધાની વર્તતા પુસ્તકનાં પૂંઠા ઉપરથી મેં ધૂળ ખંખેરી. પૂંઠા ઉપર કંઈક વિચિત્ર સંજ્ઞાઓ અને આકૃતિઓ દોરેલી હતી. કોઈ જ 'ટાઈટલ' વગરનું ફક્ત ચિત્રો દોરેલું પુસ્તક મારાં મનમાં પણ વિસ્મય પેદા કરી ગયું. મેં તેનું કવર ઉથલાવ્યું અને એ સાથે જ મારું હૈયું થડકી ઊઠ્યું. છાતીનાં પોલાણમાં જોરદાર ધડબડાટી મચી. હૃદય એટલાં જોરથી ધબકવા લાગ્યું જાણે હમણાં જ છાતી ચીરીને તે બહાર નીકળી આવશે. માનસા અચંબાભરી નજરોથી મને તાકી રહી. તેનાં એક હાથમાં ખલાયેલી મીણબત્તીનો ફડફડાતો પ્રકાશ પુસ્તકનાં ઉઘાડાં થયેલાં પાનાં ઉપર પથરાતો હતો. મીણબત્તીની જ્યોત અને હાથમાં પકડેલું પુસ્તક બન્ને રીતસરનાં ધ્રૂજતા હોય એવો મને ભાસ થયો. જીવણાનાં મકાનનો દરવાજો અમે ખૂલ્લો જ રહેવા દીધો હતો. એ ખૂલ્લા દરવાજામાં થઈને અંદર આવતા પવનની લહલરખી સાથે મીણબત્તીની જ્યોત ફફડતી હતી અને તેનો આછો માંદલો પ્રકાશ કંઈક અજીબ સ્પંદનો પેદા કરતા હતા.

* * *

વિજયગઢ રાજ્યનો સર સેનાપતિ વિરસેન ભારે વ્યગ્રતાં અનુભવતો આમથી તેમ આંટા મારી રહ્યો હતો. તેના રુક્ષ ચહેરા ઉપર અપરંપાર ચિંતા ઝળકતી હતી. તે વારે વારે તેના ભવ્ય કક્ષનાં ઝરુખે જઈને નગરનાં રસ્તે નજર નાખી આવતો હતો. તેને કોઈની રાહ હતી.

''માલીક, નાના મોઢે મોટી વાત કહું?'' કક્ષમાં હાજર તેનો એક ચાકર, જે અત્યંત વિશ્વાસપાત્ર અને ભરોસેમંદ હતો એ વિરસેનની વ્યગ્રતા પારખીને બોલ્યો. વિરસેન ચહલ કદમી કરતાં અટક્યો અને તેમણે ચાકર સામું જોયું. એ નજરોમાં સંમતી ઝળકતી હતી. ''મને નથી લાગતું કે આપણે બહારનાં કોઈનો ભરોસો કરવો જોઈએ.''

''હંમમમ.'' વિરસેને હુંકાર ભણ્યો. અંદરખાનેથી તેનું મન પણ એવું જ કંઈક કહેતું હતું પરંતુ વાત હવે હાથમાંથી નીકળી ચૂકી હતી અને ઘણું વિચાર્યા બાદ તેમણે એ ફેંસલો લીધો હતો એટલે પીછેહઠ કરવાનો પ્રશ્ન નહોતો ઉદ્ભવતો. છતાં તે ફરીથી વિચારમાં ગરકાવ બન્યાં.

થોડા દિવસો પહેલાં રાજમહેલનાં સભાગૃહમાં રાજ્યની સીમા ઉપર મચેલા ડફેરોનાં આતંક વિશે ચર્ચા થઈ હતી. એ ચર્ચા દરમ્યાન મહારાજા ઉગ્રસેને તેમને ન કહેવાનાં શબ્દો કહ્યાં હતા. ભરી સભામાં તેમનું અપમાન કરવામાં મહારાજાએ કંઈ બાકી નહોતું રાખ્યું. બધા દરબારીઓ વચ્ચે તેમને નીચા જોણું થયું હતું. તેઓ ધારત તો એ સમયે જ તેમણે સભાગૃહ છોડી દીધું હોત. અરે મંત્રીપદને પણ લાત મારીને ઠૂકરાવી દીધું હોત, પરંતુ એ તેમનાં લોહીમાં નહોતું. તેઓ અપમાનનો એ કડવો ઘૂંટ પી ગયા હતાં કારણ કે તેમણે મંત્રીપદ ધારણ કરતી વખતે વિજયગઢ રાજ્યને સલામત રાખવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેમના માટે એ પ્રતિજ્ઞા પોતાનાં માન-અપમાનથી પણ વિશેષ હતી. વિજયગઢ રાજ્યની એક કાંકરી માટે પણ તેઓ પોતાની જાન કુરબાન કરતાં અચકાય નહીં તો પછી આ તો તેમનાં રાજાનાં શબ્દો હતા. એનું શું ખોટું લગાડવું..! રાજા તો બોલ્યે રાખે, ખરી જવાબદારી તો તેમનાં માથે હતી. તેમણે એ સમયે જ મહારાજાને માફ કરી દીધા હતા અને રાજ્યને ડફેરાનાં હુમલાથી કેવી રીતે સુરક્ષિત બનાવવું એની રણનીતિ વિચારવામાં મગ્ન બની ગયા હતા. એ રણનિતિ પ્રમાણે તેમને હથિયારોની મોટા પાયે જરૂર હતી અને તેમા પણ જો અંગ્રેજ ફોજનો સાથ મળી જાય તો પછી જોવાનું જ શું! મહારાજા એ બાબતે તેમની સાથે સંમત થયા હતા એટલે તેમણે તાબડતોબ એક દૂતને અંગ્રેજોનાં ઈલાકા તરફ રવાનાં કર્યો હતો અને અત્યારે તેઓ કાગડોળે એ દૂત શું સમાચાર લઈને આવે છે એની જ રાહ જોતાં ઝરુખા તરફ આંટા-ફેરા મારી રહ્યાં હતા.

* * *

રાજ્યનાં શસ્ત્રાગારમાં જરી-પૂરાણા હથિયારો હતા. એ હથીયારો સાથે એક નાનકડું યુદ્ધ જીતવું પણ લગભગ અસંભવ હતું. તેમાં ડફેરોનો સામનો કરવાની તો વાત જ ક્યાં રહી..! સાંભળવામાં તો એવું પણ આવ્યું હતું કે ડફેરો પાસે એક અત્યંત ઘાતક હથિયાર છે જે દૂરથી જ હાથોહાથની લડાઈ વગર જ સામાવાળાનો ખાત્મો બોલાવી દે. એ તેમના માટે નવું હતું. એ નવા હથિયારે જ ખરેખર તો આતંક મચાવી રાખ્યો હતો. તેનાથી ડફેરો બેફામ બન્યાં હતા અને ગમે તેની ઉપર આક્રમણ કરીને બધું લૂંટીને ચારેકોર તબાહી ફેલાવી રહ્યાં હતા. તેમની ઉપર કાબૂ મેળવવા, તેમને નશ્યત કરવા તેમની કરતાં ચઢીયાતાં હથિયારો વસાવવાની વિજયગઢને તાતી જરૂરિયાત હતી.

''તારી વાત સાચી છે શંકર. વિજયગઢ જેવા સમૃદ્ધ રાજ્યને બહારનાં કોઈનો સહારો લેવો પડે એ જ શરમજનક બાબત છે, પરંતુ એ વાત આપણાં મહારાજા નથી સમજતાં. તેમની ઐયાશી વિજયગઢને લઈ ડૂબશે. રાજ્યનો કોષાગાર અડધાથી પણ વધારે ખાલી થઈ ચૂક્યો છે અને જે બચ્યું છે એ પણ જલદી ખતમ થઈ જશે. પછી? રાજ્ય ઉપર કોઈ ભયંકર આફત ત્રાટકે નહીં ત્યાં સુધી આપણાથી હાથ ઉપર હાથ જોડીને બેસી થોડું રહેવાશે.'' વિરસેને જોરદાર નિસાસો નાંખ્યો.

શંકર એ બધી વાતો સમજતો હતો. તેને પરિસ્થિતિની ગંભીરતાનો ખ્યાલ હતો. છતાં જ્યાં રાજ્યની સુરક્ષાનો મામલો આવતો ત્યાં તે મરણિયો બની જતો. તેને રાજ્યની હાલત વિશે સાંભળીને આંચકો લાગ્યો હતો. તે કંઈક બોલવા જતો હતો કે બરાબર એ સમયે જ બહારથી કોઈ આવ્યું હોય એવા પગલાનો અવાજ સંભળાયો અને તેની થોડીવાર બાદ એક દરવાન દેખાયો. તેની પાછળ બીજો એક વ્યક્તિ આવ્યો હતો. એ પેલો દૂત હતો જે અંગ્રેજ છાવણીમાં મોકલવામાં આવ્યો હતો. આવીને તેણે ઝૂકીને અભીવાદન કર્યું અને ખામોશીથી ઊભો રહ્યો.

''શું ખબર લાવ્યો છે?'' વિરસેન અધીરાઈભેર તેની તરફ ધસી ગયા.

''હજૂર, અંગ્રેજ અફસર આપણી મદદ કરવા તૈયાર છે પરંતુ એ મદદનાં બદલામાં આપણે તેમને શું આપીશું એ જાણવું છે.'' દૂત અંગ્રેજી આગતા સ્વાગતાથી તૃપ્ત થયેલો હતો. તેના શબ્દોમાં એ વાત સાફ ઝલકતી હતી. વિરસેને એની નોંધ લીધી હતી.

''શું જોઈએ છે એમને?''

''મદદનાં બદલામાં તેમનો એક અફસર કાયમી દરબારી બનીને વિજયગઢનાં દરબારમાં રહેશે.'' દૂતે ધડાકો કર્યો.

વાતાવરણમાં સન્નાટો પ્રસરી ગયો. વિરસેનને એ શરતનો મતલબ સમજાવાની જરૂર નહોતી. મદદ કરવાનાં બહાને અંગ્રેજો તેમના રાજ્ય વહીવટમાં દખલગીરી કરવાનો મનસૂબો સેવતાં હતા. એક રીતે ગણો તો એ સોદો મોંઘો નહોતો પરંતુ તેમાં બકરું કાઢવા જતાં ઉંટ પેસી જવાનો ડર હતો. વિરસેન વિચારમાં પડયાં. ''તું જા અત્યારે.'' તેમણે દૂતને રવાના થવાનો આદેશ આપ્યો એટલે દૂત બહાર નીકળી ગયો.

''તું સાચું કહેતો હતો શંકર.'' તેઓ શંકર તરફ ફર્યાં. શંકર વિશાળકાય શરીરનો માલીક હતો. તેની સામે ઊભેલા વિરસેન કોઈ નાના બાળક જેવા ભાસતા હતા. ''અંગ્રેજો ભારે ખંધા છે. તેઓ કોઈ સ્વાર્થ વગર આપણો સાથ નહીં આપે. તારી પાસે આ સ્થિતિમાંથી નિકળવાનો બીજો કોઈ સારો વિચાર હોય તો જણાવ, નહીંતર છેલ્લો એ વિકલ્પ તો છે જ. આવી સ્થિતિમાં અન્ય કોઈ રસ્તો મને તો સૂઝતો નથી.''

''એક રસ્તો છે. જો... કોઈ અગમ્ય કારણોસર શંકર બોલતા અટક્યો. તેનો અવાજ સાવ ધીમો હતો જાણે કોઈ રહસ્યમય વાત કહેવા માંગતો હોય.

''કેમ અટકી ગયો? શું વિચાર ચાલે છે તારા મનમાં?'' વિરસેન એકાએક સતેજ થયા અને આગળ ચાલીને તેની નજદિક પહોંચ્યાં. તેઓ જાણતાં હતા કે શંકર કારણ વગરની કોઈ સલાહ આપશે નહીં અને તેની દરેક વાતનો કોઈને કોઈ સંદર્ભ ચોક્કસ હશે જ. તેમને શંકર ઉપર પોતાના જીવથી પણ વધું ભરોસો હતો.

''જો રુદ્ર દેવનાં મંદિરનું ભોયરું ખોલવામાં આવે તો લશ્કરને જરૂરી ઓજાર માટે આપણે બીજા સમક્ષ ભિખ માંગવી નહી પડે. ''શંકરનો પહાડી અવાજ કક્ષમાં ગુંજી ઉઠયો. એ સાથે જ એક ગહેરો સન્નાટો વાતાવરણમાં પ્રસરી ગયો. એ અસંભવ હતું. આંખો ફાડીને વિરસેન શંકર સામું જોઈ રહ્યાં.

પહેલા તો લાગ્યું જાણે શંકર મજાક કરી રહ્યો છે પરંતુ અત્યારે મજાકનો માહોલ નહોતો. વળી શંકર ક્યારેય કોઈ વાતમાં મજાક કરતો નહીં. તે હંમેશા ગંભીર રહેનારો વ્યક્તિ હતો. તો? શું ખરેખર તે રુદ્ર દેવનાં મંદિર નીચે રાખેલા ખજાના વિશે કહી રહ્યો છે? વિરસેને માથું ધૂણાવ્યું. તેમની નજરો સમક્ષ મંદિર નીચેનું ભોયરું તરવરી ઊઠયું. આજ સુધી કોઈએ ક્યારેય પણ એ ભોયરામાં પગ મૂકવાની હિંમત સુદ્ધાં નહોતી કરી. તેમાં ઘણો કિંમતી ખજાનો રાખેલ છે. અઢળક ધન દોલત છૂપાયેલી છે એ વિશે બધા જ જાણતાં હતા છતાં, તેના વિશે નગરમાં કોઈ એક હરફ સુધ્ધાં ઉચ્ચારવા તૈયાર નહોતું. તેનું કારણ હતું રુદ્ર દેવનો ખૌફ. એવું કહેવાતું કે જે કોઈપણ એ ખજાનાને પામવાની કોશીશ કરે તેનો અકાળ અંત આવતો. રિબાઈ રિબાઈને તેનું મૃત્યું થતું. એટલે જ એ ખજાનાને શ્રાપિત ઘોષિત કરવામાં આવ્યો હતો અને તેને હંમેશનાં માટે મંદિર નીચે જ રહેવા દેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

''માન્યું કે રાજ્યનાં કોષાગારમાં ધનની કમી છે. પરંતુ એનો મતલબ એ નથી કે આપણે રુદ્ર દેવનો ખૌફ વહોરી લઈએ. તેના કરતા તો અંગ્રેજોની મદદ લેવી વધું ફાયદેમંદ રહેશે. તેમાં કમસે કમ આપણે જીવતાં તો રહીશું. જ્યારે રુદ્ર દેવનાં ખજાનાને હાથ લગાડયા બાદ આ નગરમાં મોતનું તાંડવ ખેલાશે. ગણતરીનાં દિવસોમાં વિજયગઢ સ્મશાનભૂમિમાં બદલાઈ જશે. નહીં એ વાતને અહીં જ જમીનમાં ઢબૂરી દે. આજ પછી ક્યારેય એ ખજાના વિશે ભૂલમાં પણ કોઈ શબ્દ ઉચ્ચારતો નહીં.'' વિરસેનનો આત્મા પણ એટલું બોલતાં ફફડી ઉઠયો હતો. રુદ્ર દેવનો કોપ વહોરવા તેઓ બીલકુલ તૈયાર નહોતા.

શંકર શું બોલે? તે ખામોશ બની ગયો. પરંતુ તેના મનમાં ધમાસાણ મચ્યું હતું. એ સાંજે ઘણો વિચાર કર્યા બાદ વિરસેને અંગ્રેજોની શરત માનવાનું નક્કી કર્યું હતું અને પેલા દૂતને ફરીથી બોલાવ્યો હતો. (ક્રમશઃ)■